

**દુષ્કર્મની ઘટનાઓ રોકવા રાજસ્થાની ત્રણ સાયકલસવારોનું ડીસામાં આગમન**

દેશમાં બનતી રેપની ઘટનાઓને અટકાવવા લોક જાગૃતિ અર્થે રાજસ્થાનના ત્રણ મિત્રો પોતાનો અભ્યાસ,ધંધો અને નોકરી છોડી સમગ્ર દેશમાં સાયકલ પ્રવાસે છે છેલ્લા દોઢ મહિનાથી નીકળ્યા છે અને હજુ અઢી વર્ષ સુધી સાયકલ પર ફરી શાળાઓ ,કોલેજો અને લોકોને સમજાવી દેશને રેપ મુક્ત બનાવવા લોકોમાં જાગૃતિ લાવશે. તાજેતરમાં દુષ્કર્મની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે જેની સામે સમગ્ર દેશમાં જનઆક્રોશ વ્યાપ્યો છે અને મહિલાઓની સલામતી સામે અનેક સવાલો ઉભા થયા છે ત્યારે લોકોમાં જાગૃતિ આવે તેવા ઉમદા હેતુસર મૂળ રાજસ્થાનના વાટેરા ગામના યુવાન પિયુષ મોંઘા, રણછોડ દેવાસી અને યોગેશ રાવલ, રાજસ્થાનથી ૧૭ ઓક્ટોમ્બરે દેશ પરિભ્રમણે નીકળ્યા છે અને હજુ અઢી વરસ દેશમાં ફરશે ડીસા આવી ચડેલા આ સાયકલ સવારોએ મહિલાઓ ઉપર થતા અત્યાચાર માટે સમાજમાં જાગૃતિ લાવવા આ યાત્રા યોજી હોવાનું જણાવ્યું હતું.

# ભાંખરાની દિકરીની વિક્રમી છલાંગ ગુજરાતને સુવર્ણચંદ્રક અપાવ્યો

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના અંતરીયાળ વિસ્તારમાં રહેતુ યુવાધન શરીરે ખડતલ અને ખુબજ મહેનતુ હોવાને કારણે જીંદગીમાં અનેક પડકારોને હસતા મોંઢે સામનો કરીને તેની ચેલેન્જ ઉપાડી લેવાની ક્ષમતા ધરાવે છે ત્યારે તાજેતરમાં પંજાબના સંગરૂર જિલ્લામાં યોજાયેલ ૬૫મી નેશનલ એથ્લેટીક્સ સ્કૂલ ગેમ્સની લાંબી કુદમાં વિક્રમી છલાંગ લગાવીને ગુજરાતની રમત ગમત ક્ષેત્રની ઝોળીમાં વધુ એક સુવર્ણચંદ્રકનો ઉમેરો કર્યો છે.

આ અંગેની વિગત એવી છે કે સાબરાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના ભાંખરા ગામની ખેડૂત પરિવારની દિકરી નિર્મા ભુરાભાઈ અસારી હિંમતનગરની હિંમત હાઈસ્કૂલમાં ધો. ૧૧માં અભ્યાસ કરે છે. શરીરે ખુબજ ખડતલ અને ખુબજ ઉત્સાહી હોવાને કારણે તેણી લાંબી કૂદમાં ખૂબજ રસ અને રૂચિ ધરાવતી હોવાથી સ્કૂલ ગેમ્સમાં અવ્વલ નંબરે રહેતી હોવાથી તેણીની ગુજરાત રાજ્ય વતી નેશનલ કક્ષાએ લાંબીકૂદ માટે પસંદગી થતાની સાથ જ ભાંખરા ગામનો તેનો પરિવાર અને હિંમત હાઈસ્કૂલ પરિવાર ઝુમી ઉઠ્યો હતો.

તો બીજી તરફ નિર્મા અસારીનુ નસિબ ખુલી ગયુ હોય તેમ તેણીની પસંદગી થયા બાદ ગત તા. ૪ થી ૮ ડિસેમ્બર ૨૦૧૯માં પંજાબના સંગરૂર જિલ્લામાં યોજાયેલી નેશનલ એથ્લેટીક્સ સ્કૂલ ગેમ્સની લાંબીકુદ સ્પર્ધામાં ભાગ લેવાનુ નસીબમાં આવ્યુ હતુ જ્યાં નિર્મા અસારીએ વિક્રમી છલાંગ લગાવીને ૫.૬૭ મીટર લાંબી કુદમાં મોખરાનુ સ્થાન હાંસલ કર્યુ છે જે બદલ તેણીને સુવર્ણ ચંદ્રક એનાયત કરાયો છે.

# બિનસંસદીય ભાષાના ઉપયોગ બદલ મેવાણી ગૃહમાંથી બહાર

અમદાવાદ, તા.૯

ગુજરાત વિધાનસભા સત્રના પ્રથમ દિવસે અપક્ષના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જેને લઈ રાજકારણ ભારે ગરમાયું હતું. જીગ્નેશ મેવાણી વડગામ વિધાનસભા વિસ્તારમાંથી અપક્ષ ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા છે. ગુજરાત સરકાર દ્વારા ત્રણ દિવસીય ટુંકા સત્રમાં નાયબ મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવી રહેલી રજુઆત દરમ્યાન અયોગ્ય વર્તન કરવાનાં કારણે મુખ્યમંત્રી ઉપરાંત તમામ નેતાઓએ તેને સસ્પેન્ડ કરવાની માંગ કરી હતી. જેના અનુસંધાને અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા સત્ર સમાપ્ત ન થાય ત્યાં સુધી જીગ્નેશ મેવાણીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. અપક્ષ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના પ્રવચન દરમ્યાન સુરેન્દ્રનગરની વાત રજૂ કરવાનો પ્રયાસ કર્યો હતો.

જીગ્નેશ મેવાણીએ મનુસ્મૃતિમાં દર્શાવેલી વૃત્તિની વાત કરી હતી. જો કે, તેમણે જે પ્રકારનું વર્તન કર્યું તેના અનુસંધાનમાં, મુખ્યમંત્રીએ જીગ્નેશ મેવાણીને સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ મુક્યો હતો. મુખ્યમંત્રીએ મુકેલા પ્રસ્તાવને ગૃહરાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ ટેકો આપ્યો હતો. સાથે સાથે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ મુખ્યમંત્રીના પ્રસ્તાવને ટેકો આપ્યો હતો અને ત્રણ દિવસ માટે તેને સસ્પેન્ડ કરવાની માંગણી કરી હતી. જો કે, મેવાણીએ પોતાનું ઉગ્ર વર્તન ચાલુ રાખતાં અધ્યક્ષે સાર્જન્ટને બોલાવી તેમને ગૃહની બહાર કર્યા હતા. અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી સાથેનું તેમનું વર્તન સમગ્ર સભાગૃહનું અપમાન સમાન હોવાનો ભાજપના સભ્યોએ આક્ષેપ કર્યો હતો. બાદમાં વિધાનસભા અધ્યક્ષ દ્વારા જીગ્નેશ મેવાણીને ત્રણ દિવસ માટે એટલે કે, સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કર્યા હતા.

# ગુજરાતમાં યોજાયેલી છેલ્લી ચાર વાયબ્રન્ટ સમીટમાં અધધ બસ્સો કરોડથી વધુનો ખર્ચ

ગાંધીનગર, તા. ૯

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭અને ૨૦૧૯માં યોજવામાં આવેલ વાયબ્રન્ટ સમીટ પાછળ અધધ રૂપિયા ૧૭૪,૦૨, ૮૭, ૫૮૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હોવાની વિગતો બહાર આવી છે.

રાધનપુરના ધારાસભ્ય રઘુભાઈ દેસાઈએ પૂછેલા એક તારાંકિત પ્રશ્નના ઉત્તરમાં ઉદ્યોગમંત્રી (મુખ્યમંત્રી)એ જણાવ્યુ હતુ કે ૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટમાં વર્ષ ૨૦૧૭માં કુલ ૮૩,૩૦,૭૮,૨૫૮.૦૦નો અને વર્ષ ૨૦૧૯માં યોજાયેલી સમીટમાં કુલ રૂ. ૯૦,૭૨,૦૯,૩૨૮.૦૦નો ખર્ચ કરવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યુ હતુ કે ઉપરોક્ત કરવામાં આવેલ ખર્ચ પૈકી વર્ષ ૨૦૧૭માં યોજાયેલી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટમાં હોટેલોમાં રોકાણ, જમવા અને ટ્રાન્સપોર્ટેશન પેટે કુલ રૂ. ૭,૭૨,૮૯, ૪૧૫.૦૦ અને વર્ષ ૨૦૧૯માં કુલ રૂ. ૪,૮૨,૩૭, ૫૧૬.૦૦નો ખર્ચ કરવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યુ હતુ કે ઉક્ત કરવામાં આવેલ ખર્ચ ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના આઈએનડી-૫ ઔદ્યોગિક વિકાસ માટે પ્રોત્સાહક પ્રયત્નો સદર હેઠળ ઉધારવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૭ અને ૨૦૧૯ એમ બે વાયબ્રન્ટ સમીટમાં હોટલોમાં રોકાણ જમવા અને ટ્રાન્સપોર્ટેશન પાછળ કુલ રૂ. ૧૨,૫૫,૨૬,૯૩૧નો ખર્ચ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત માણસાના ધારાસભ્ય સુરેશ પટેલે પણ વર્ષ ૨૦૧૩, ૨૦૧૫, ૨૦૧૭માં વાયબ્રન્ટ સમીટ યોજવામાં આવેલી તેની પાછળ થયેલ ખર્ચ અંગે પૂછેલા એક અતારાંકિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રી (ઉદ્યોગ)એ જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૧૩માં યોજાયેલી વાયબ્રન્ટ સમીટ પાછળ રૂ. ૫૨.૯૩ કરોડ, વર્ષ ૨૦૧૫માં યોજાયેલી વાયબ્રન્ટ સમીટમાં રૂ. ૭૯.૭૨ કરોડ અને વાયબ્રન્ટ સમીટ ૨૦૧૭માં કુલ રૂ. ૮૩.૩૧ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યુ હતુ કે વાયબ્રન્ટ સમીટમાં ભાગ લેવા આવેલા વિદેશી મહેમાનો પાછળ રહેવા તેમજ વાહન પેટે વર્ષ ૨૦૧૩માં યોજાયેલી સમીટમાં રૂ. ૧,૪૭,૩૨,૩૦૪, વર્ષ ૨૦૧૫ની સમીટમાં રૂ. ૩,૬૦,૮૧,૨૭૫ અને વર્ષ ૨૦૧૭ની સમીટમાં રૂ. ૫,૪૩,૭૮,૫૮૩.૧૮નો ખર્ચ કરવામાં આવ્યો છે.

# હિંમતનગરના સાત વ્યક્તિના બેંકના ખાતામાંથી અજાણ્યો શખ્સ ૧.૦૩ લાખ ઉપાડી જતા ફરીયાદ

હિંમતનગર, તા. ૯

હિંમતનગરની પોલીસ લાઈનમાં રહેતા એક પોલીસ કર્મી સહિત સાત જણાના બેંકના ખાતામાંથી અજાણ્યો શખ્સ એક માસ અગાઉ તબક્કાવાર રૂ. ૧.૦૩ લાખની ઉચાપત કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરતા આ અજાણ્યા શખ્સ વિરૂદ્ધ રવિવારે હિંમતનગર બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

આ અંગે પોલીસ લાઈનના બ્લોક નં. ૯માં આવેલ ૧૦૦ મકાનમાં રહેતા ધુળાભાઈ રામાભાઈ રાવળે નોંધાયેવી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૧૯-૧૧-૧૯ના સમયગાળા દરમિયાન તેમના સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની સહકારી જીન શાખાના ખાતામાંથી અજાણ્યો શખ્સ બે વખત રૂ. ૧૦ હજાર ઉપાડી લઈ ગયો હતો. આ ઉપરાંત અન્ય છ જણાના બેંક ખાતામાંથી પણ અજાણ્યો શખ્સ રૂ. ૮૪,૫૦૦નો બારોબાર ઉપાડ કરી પરત જમા નહી કરાવી સાતેય જણા સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કર્યાનું બહાર આવતા ધુળાભાઈ રાવળે રવિવારે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ હિંમતનગર બી ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# સાબરકાંઠા એસીબી દ્વારા 'એન્ટીકરપ્શન ડે'ની ઉજવણી

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા એસીબી પોલીસ સ્ટેશન હિંમતનગર દ્વારા 'ઈન્ટરનેશનલ એન્ટીકરપ્શન ડે' નિમિત્તેની ઉજવણીનો કાર્યક્રમ એસ.એસ. મહેતા આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, હિંમતનગર ખાતે યોજવામાં આવ્યો હતો.

કોલેજના પ્રિન્સીપાલ ડૉ. ઉત્પલ પટેલ તેમજ પ્રોફેસરગણ અને કોલેજના ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓ અને શહેરના આગેવાનો હાજર રહ્યા હતા. જેમાં એસીબી હિંમતનગરના પોલીસ ઈન્સ્પેક્ટર સી.ડી. વણઝારા તથા પોલીસ ઈન્સ્પેક્ટર વી.એન. ચૌધરી તેમજ સાબરકાંઠા એસીબી પોલીસ સ્ટેશન હિંમતનગરના એ.એસ.આઈ. બી.એમ. નિનામા, હે.કો. કે.એમ. બુબડીયા, પો.કો. એ.જી. પટેલ, પો.કો. વાય.એચ. સિસોદીયા, વુ.પો.કો. સીમીબેન એસ. પટેલ અને વી.એસ. નિનામા આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ કે જેઓ ભારતનું ભવિષ્ય છે તેઓમાં ભ્રષ્ટાચાર સામે લડવાની પ્રેરણા અને શક્તિ મળે તે માટે પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના પ્રતિભાવ મેળવી પ્રશ્નોત્તારી કાર્યક્રમ યોજવામાં આવેલ. વિદ્યાર્થીઓએ હિંમતપૂર્વક પ્રશ્નો પૂછેલ હતા તે પૈકીના શ્રેષ્ઠ ત્રણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે સાબરકાંઠા એસીબી પો.સ્ટે. તરફથી ભેટ આપવામાં આવેલ હતી. તેમજ આ કાર્યક્રમ દરમ્યાન ભ્રષ્ટાચાર વિરોધી ઝુંબેશમાં હિંમતભેર આગળ વધવા સારૂ કોલેજના વિદ્યાર્થીઓને સંકલ્પ લેવડાવી સંકલ્પ પત્ર ઉપર તેમના હસ્તાક્ષર લેવામાં આવેલ હતા. જે કાર્યક્રમ ખૂબજ સારી રીતે સંપન્ન થયો હતો.



# એઈટ ફાલ્કન સ્પોર્ટસ એન્ડ ઈવેન્ટ દ્વારા ઈન્ટર સ્કૂલ જુનિયર કબડ્ડી ટૂર્નામેન્ટ યોજાશે

એઈટ ફાલ્કન સ્પોર્ટસ એન્ડ ઈવેન્ટ દ્વારા કબડ્ડી જેવી પરંપરાગત રમતને પ્રોત્સાહન મળી રહે તે માટે ઈન્ટર સ્કૂલ જુનિયર કબડ્ડી ટૂર્નામેન્ટનું આયોજન ઉત્સાહભેર કરવામાં આવશે. સ્કૂલ લેવલથી જ આ રમત સાથે જોડાએલા રહે તેમ જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાએલા ફિટ ઈન્ડિયા કેમ્પેઈનને પ્રોત્સાહન મળે તે હેતુથી આ ટૂર્નામેન્ટ થશે. ટ્રાન્સ સ્ટેડીયા એકા અરેના, મણિનગર, અમદાવાદ ખાતે તા. ૧૪ અને ૧૫ ડિસેમ્બરના રોજ લોકો માટે આ ખાસ પ્રકારની રમત જોવાનો મોકો મળી રહેશે. ટ્રાન્સ સ્ટેડીયા એકા અરેના એ જ ગ્રાઉન્ડ છે કે જ્યાં પ્રો કબડ્ડી લીગ અને કબડ્ડી વર્લ્ડ કપ પણ રમાઈ ચુક્યા છે. સચિન પટેલે જણાવ્યુ હતું કે ખાસ કરીને આપણે ત્યાં ક્રિકેટ અને ફૂટબોલને વધારે મહત્વ આપવામાં આવે છે પરંતુ આપણી પરંપરાગત રમતોને આપણે ભુલાવી રહ્યા છી. જેથી એઈટ ફાલ્કન સ્પોર્ટસ એન્ડ ઈવેન્ટને આ આયોજન કરવાનો વિચાર આવ્યો. જેમાં અમે અંડર ૧૪ના લેવલથી જ વિદ્યાર્થીઓને પ્રમોટ કરીએ છીએ.

# પશુપાલકો ઉચ્ચ કક્ષાની મેડિકલ સારવાર મેળવે એ જ સ્વ. ગલબાકાકાને સાચી શ્રદ્ધાંજલી

પાલનપુર, તા. ૯

એશિયાની નામાંકિત ડેરી બનાસ ડેરી અને ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના સંયુક્ત ઉપક્રમે આજે બનાસ મેડીકલ કેમ્પસ, મોરિયા ખાતે પાલનપુર તાલુકાનો દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમ ચેરમેન શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી બોલતા ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે જિલ્લાની વિધવા બહેનો પણ દાતરડાના હાથા પર પોતાનું ગુજરાન ચલાવી શકે તેવો દૂધનો ધંધો વિકસાવનાર સ્વ. ગલબાકાકા એ વખતે જિલ્લામાં અપૂરતી દાક્તરી સેવા ઉપલબ્ધ ન હોવાને કારણે તેમનું અવસાન થયેલું. તેમના સ્વપ્ર સ્વરૂપ જિલ્લામાં મેડિકલ કોલેજ અને અદ્યતન સુવિધાઓ યુક્ત હોસ્પિટલનું નિર્માણ બનાસ ડેરી થકી થઈ રહ્યું છે ત્યારે એ દિવસો હવે દુર નથી કે જિલ્લાના કોઈ પશુપાલકનું યોગ્ય સુવિધાઓને અભાવે અવસાન નહીં થાય. ખેડૂત કે દૂધ ઉત્પાદકના આકસ્મિક બીમારી ના પ્રસંગોએ એર એમ્બ્યુલન્સ જેવી સેવા વિકસાવીને ગરીબ પશુપાલક મોટા શહેરમાં મળે તેવી મેડીકલ સેવાઓ હવે ઘેર બેઠા મેળવી શકશે. તેમણે ઉમેર્યું કે દેશના ખેડૂતોના હામી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિશેષ ઉપસ્થિતિમાં સ્વ. ગલબાકાકાની ૧૦૦મી જન્મજયંતિ પ્રસંગે આપણે સૌએ લીધેલો સંકલ્પ આજે સિદ્ધ થઈ રહ્યો છે અને તેમના નામે એક મોટુ મેડિકલ સંકુલ ઉભું થઈ રહ્યું છે જે પૂર્ણતાને આરે છે. અહીં જિલ્લાના પશુપાલકો નિઃશુલ્ક મેડીકલ સેવાઓ મેળવશે જે સ્વ. ગલબાકાકાને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.



**સદભાવના ગ્રુપના દ્વારા પાટણ સિનિયર સિટીઝન કલબના**

# વડીલો માટે એક દિવસીય અંબાજી પ્રવાસનું આયોજન

પાટણ શહેરના સિનિયર સીટીઝન મંડળ દ્વારા સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું.પાલનપુર વૃદ્ધાશ્રમ મુકામે ચાલતી આયોજન હરેશભાઈ ચૌધરી તથા સ્નેહલભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું કર્યુ તેમજ તેમની ખાસ માંગ હતી કે અમારા સિનિયર સીટીઝન



સદભાવના ગ્રુપની સેવાકીય પ્રવુતિઓથી પ્રભાવિત થઈ સદભાવના ગ્રુપના ચેરમેન શ્રી હરેશભાઈ ચૌધરીને પાલનપુર થી ખાસ આમંત્રિત કરવામાં આવ્યા.આ સ્નહેમીલન કાર્યક્રમમાં આગામી સમયમાં તમામ સિનિયર સીટીઝન ને આગામી સમયમાં સર્વે વડીલોને અંબાજી એક દિવસીય યાત્રા કરાવવાનું માટે ખાસ લાઈસન્સ કેમ્પ યોજવામાં આવે જે માટે પણ સ્થળ પરજ આયોજન કરવામાં આવ્યું.કાર્યક્રમમાં પાટણથી સ્નેહલભાઈ પટેલ,ડો કિંજલબેન પટેલ સંસ્થાના પ્રમુખ શંકરભાઈ પટેલ મંત્રી શ્રી રમણલાલ પટેલ તથા પાટણ શહેરના વડીલો સિનિયર સીટીઝન ઉપસ્થિત રહ્યા.

**આત્મનાદ** ● ચોથા પાનાનું ચાલુ

સફળ થવાવાળો વ્યક્તિ હંમેશા પોતાની શક્તિઓ ઉપર વિશ્વાસ રાખતો હોય છે. જ્યારે હારવાવાળો વ્યક્તિ નકારાત્મકતાના ઘેરામાં સપડાયેલો હોય છે. કોઈપણ પ્રકારની ડિગ્રી ન હોય એ એટલા માટે આશીર્વાદરૂપ હોય છે કે, વ્યક્તિ એનામાં પડેલી શક્તિઓના આધારે કોઈપણ કામ કરી શકે છે. મેડિકલનો અભ્યાસ કરનારો વ્યક્તિ તબીબ જ બને અને એન્જિનિયરીંગનો અભ્યાસ કરેલો વ્યક્તિ એન્જિનિયર જ બને. પરંતુ કોઈપણ ડિગ્રી વગરનો યુવાન કદાચ ઉત્કૃષ્ટ ફોટોગ્રાફર, સફળ ચિત્રકાર કે પ્રસિધ્ધ લેખક પણ બની શકે. હારવાવાળા લોકો સામાન્ય રીતે ભાગ્યમાં વિશ્વાસ રાખે પણ પાક્કા ઈરાદાવાળા લોકો પરિણામમાં વિશ્વાસ રાખતા હોય છે. સફળતા એ માત્ર એક સંયોગ નથી, સફળતા તો વ્યક્તિના પોતાના દ્રષ્ટિકોણ ઉપર અવલંબિત હોય છે. દ્રષ્ટિકોણ વ્યક્તિ પોતાની જાતે પસંદ કરતો હોય છે. મરેલી માછલીઓ પાણીના વહેણમાં તણાઈ જતી હોય છે પરંતુ જીવીત માછલીઓ ધસમસતા પ્રવાહમાં પણ પોતાનો માર્ગ જાતે શોધી કાઢે છે. વ્યક્તિએ પોતાની ક્ષમતાઓને જાતે જ ઓળખવાની હોય છે. રોલીંગ જેવા વ્યક્તિઓમાં એકલા ચાલવાની અને મુશ્કેલીઓ સામે બાથ ભીડવાની હિંમત હતી એટલે એક દિવસ એવો આવ્યો કે એની પાછળ હજારો લાખો લોકો જોડાતા ગયાં.

ચાઈનીઝ તત્વચિંતક કન્ફ્યુસીએસ કહે છે કે, ક્યારેય ન પડવામાં મહાનતા નથી પણ જેટલી વાર પડીએ એટલી વાર બમણી તાકાતથી ઊભા થઈને આગળ વધવામાં મહાનતા છે. સફળ થવાની રાહ જોવા કરતાં જ્યાં બેઠા છીએ ત્યાંથી ઊભા થઈને એક ડગલું મંડાય એ સાચી સમજ છે. કોઈપણ કામ શરૂ કરતા પહેલા પોતાની જાતને વ્યક્તિએ ત્રણ પ્રશ્નો પૂછવા જોઈએ. આ કામ હું શા માટે કરું છું ? આ કામનું શું પરિણામ આવશે ? આ કામમાં હું સફળ થઈશ કે કેમ ? અને જો આ ત્રણેય પ્રશ્નોના ઉત્તર સંતોષકારક મળે તો આંખો મીંચીને આગળ વધી જાવું જોઈએ. એક સફળ બીઝનેસમેન અને એક સારા વિચારક ડેલ કંપનીના સીઈઓ માઈકલ ડેલે સફળ થવાની ચાવી આપતાં કહ્યું છે કે, સફળ થવા માટે અત્યંત ગુણવાન, દિવ્યતાપૂર્ણ શક્તિઓ અથવા બહુ વધારે ઉચ્ચ અભ્યાસની જરૂરી નથી. સફળ થવા માટે તો એક સારી સમાયોજન અને સપનાની જરૂર છે.

**ધબકાર :**

**ખબર નથી પડતી કે લોકો દુઃખથી કેમ ડરે છે ? જીવનની શરૂઆત જ રડવાથી થઈ છે.**

**હલ્લાબોલ** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બીજી લડત ગણાવીને વિધાનસભા ઘેરાવ માટે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડીની આગેવાનીમાં કાર્યકરોએ કુચ કરી હતી. ત્યારે સત્યાગ્રહ છાવણી થી સામન્ય અંતરે જ કાર્યકરો અટકાવી દીધા હતા. વિવિધ પ્લેકાર્ડ અને બેનર્સ દ્વારા સરકાર વિરોધી સુત્રોચ્ચાર કરી આગળ વધી રહેલા કાર્યકરોને અટકાવવા માટે પોલીસે પાણીનો મારો ચલાવ્યો હતો. જેથી ઉશ્કેરાયેલા કાર્યકરોએ પથ્થર મારતા વોટર કેનન (વરુણ) નો કાચ તોડી નાંખ્યો હતો. જેથી એક સમયે પોલીસે કાર્યકરો પણ લાઠી ઉગામી હતી, પરંતુ લાઠીચાર્જ કર્યો ન હતો. કાર્યકરો રોષે ભરાતા પોલીસના બેરીકેટસ પણ નીચે પાડી દીધા હતા. પાણીના મારાથી કાર્યકરોમાં નાસભાગ મચી જવા પામી હતી. જયારે પોલીસે કોંગ્રેસના આગેવાનોની અટકાયત કરવાની કોશીશ કરતા ખેંચા-ખેંચીમાં કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાનો ઝભ્ભો પણ ફાટી ગયો હતો. પોલીસે કોંગ્રેસના અગ્રણી ધારાસભ્યો, આગેવાનો સહિત ૩૫૦ જેટલા કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. જયારે કાર્યકરોને પોલીસે ટીંગા-ટોળી કરીને પોલીસના વાહનોમાં બેસાડી રવાના કર્યા હતા. જયારે પોલીસે કાર્યકરોના વિરોધ પ્રદર્શનને લઈને વિધાનસભાની આસપાસ તેમજ મુખ્ય માર્ગો પર પોલીસનો ખડકલો કરી દીધો હતો. વિરોધ પ્રદર્શીત કરતા કાર્યકરોની અટકાયત કરવા માટે રેન્જ આઈજી અને જિલ્લા પોલીસ વડા ખુદ મેદાનમાં આવી ગયા હતા. પોલીસે અટકાયત કરાયેલા કાર્યકરોને મોડીસાંજે છોડી મુકાયા હતા. કોંગ્રેસના વિધાનસભા ઘેરાવના કાર્યક્રમને પોલીસના એક્શન પ્લાને નિષ્ફળ બનાવવા માટે પ્રયત્ન કર્યો હતો, પરંતુ કાર્યકરો વિધાનસભા સુધી પહોંચવામાં સફળ થયા હતા.

**જીવ ગુમાવ્યા** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુલાકાત લઈ વિવિધ સૂચનો કરાયા છે.

આજે વિધાનસભા ખાતે ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં વાહન અકસ્માતથી થયેલ મૃત્યુના પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રી જાડેજાએ કહ્યું કે રસ્તા પર થતા અકસ્માતથી કોઈ પણ વ્યક્તિનુ મૃત્યુ થાય એ સમગ્ર પરિવાર માટે દુઃખદ ઘટના હોય છે, એ માટે રાજ્ય સરકાર અત્યંત સંવેદનશીલ છે અને એ માટે પુરતી તકેદારી પણ સરકાર રાખશે.

**ગ્રાન્ટ મળી** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રાન્ટની ફાળવણી કરાઈ નથી. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત કેન્દ્ર દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટ રાજ્ય સરકારના ૪૦ ટકા હિસ્સા મુજબની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે.

સ્માર્ટસીટી પ્રોજેક્ટમાં મંજૂર કરાયેલ કામોની પ્રગતિને ધ્યાને લઈ સરકારના ધારાધોરણ મુજબ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી રહી છે. એટલે ગાંધીનગર મનપાને ઓછી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**કાયદો શું છે ?** ● અનુસંધાન પહેલાનું ચાલુ

- કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, દ્રવિડ મુનેત્ર કષગમ, સમાજવાદી પાર્ટી, વામદળ તથા રાષ્ટ્રીય જનતા દળ આ બિલના વિરોધમાં છે, પણ રાજ્યસભામાં મતદાનની સ્થિતિ ઉભી થવા પર ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કષગમ જેવી પાર્ટીઓ સરકારના પક્ષમાં નિર્ણય આપી શકે છે. કોંગ્રેસનું કહેવું છે કે, આ કાયદો દેશના સંવિધાન અને પાર્ટીના ધર્મનિરપેક્ષ મૂલ્યોની વિરુદ્ધમાં છે.
- ભાજપની સહયોગી અસમ ગણ પરિષદ (એજીપી) એ વર્ષ ૨૦૧૬માં લોકસભામાં પારિત કરતી વખતે આ બિલનો વિરોધ કર્યો હતો, અને સત્તાધારી ગઠબંધનમાંથી અલગ પણ થઈ ગઈ હતી. પણ જ્યારે આ કાયદો નિષ્પ્રભાવી થઈ ગયો ત્યારે એજીપી ગઠબંધનમાં પરત જોડાઈ ગઈ.
- પૂર્વોત્તર રાજ્યોનું કહેવું છે કે, બાંગ્લાદેશથી મોટા પાયે આવેલા હિંદુઓને નાગરિકતા આપવાથી સ્થાનિકોના હક ઘટશે. આ બિલ સમાનતાની વાત કરતી બંધારણની કલમ ૧૪નું ઉલ્લંઘન, શ્રીલંકા નેપાળના મુસ્લિમોને પણ બિલમાં સામેલ કરો.
- કાયદો લાગૂ થયા બાદ પાડોશી રાજ્યોમાંથી આવેલા બિન મુસ્લિમોને ૧ વર્ષમાં મળી જશે નાગરિકતા, મુસ્લિમોને ક્યારેય નહીં મળે. બિન મુસ્લિમો દસ્તાવેજો વિના મળશે તો તેમને જેલ નહીં. ડિસેમ્બર ૨૦૧૪ સુધી ભારત આવેલા લોકો નાગરિકત્વને પાત્ર.
- હાલ કોઈ પણ વ્યક્તિએ નાગરિકત્વ માટે ભારતમાં ૧૧ વર્ષ રહેવું જરૂરી છે, પરંતુ નવા વિધેયકમાં આ સમય મર્યાદા ઘટાડીને એકથી છ વર્ષની કરવામાં આવી છે.

**સુધારા બિલ** ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાડોશી દેશોમાં મુસલમાનો વિરુદ્ધ ધાર્મિક દમન નથી થતું, તેથી આ બિલનો લાભ તેમને નહીં મળી શકે. અને જો ભવિષ્યમાં ક્યારેય આવું થશે તો સરકાર તેમને પણ આનો લાભ આપવા માટે ખુલ્લા મને વિચાર કરશે.

લોકસભામાં નાગરિકતા સુધારણા બિલ રજૂ કરવાની બાબતે મતદાન થયું હતું. લોકસભામાં આ દરમિયાન કુલ ૩૭૫ સાંસદોએ મતદાન કર્યું. આ બિલને રજૂ કરવાના પક્ષમાં ૨૯૩ મત અને વિરોધમાં ૮૨ મત પડ્યા. સૌથી મહત્વની વાત છે કે બિલ રજૂ કરવા માટેના પક્ષમાં શિવસેનાએ પણ સમર્થનમાં મતદાન કર્યુ હતું. નાગરિકતા સુધારણા બિલના પક્ષમાં ૨૯૩ મત પડ્યા બાદ સ્પીકર ઓમ બિરલાએ આ બિલને લોકસભામાં રજૂ કરવાની મંજૂરી આપી છે.

ગૃહ મંત્રી શાહે કહ્યુ કે દુનિયાભરના દેશ અલગ-અલગ આધારે નાગરિકતા આપે છે. જ્યારે કોઈ દેશ કહે છે કે તેના દેશમાં રોકાણ કરનારા વ્યક્તિને નાગરિકતા આપશે તો શું ત્યાં સમાનતાનું સંરક્ષણ થઈ શકે છે? લઘુમતીઓ માટે વિશેષ અધિકાર કેવી રીતે હશે? ત્યાં સમાનતાનો કાયદો ક્યાં ચાલ્યો જાય છે? શું લઘુમતીઓને પોતાના શૈક્ષણિક સંસ્થાન ચલાવવાનો અધિકાર સમાનતાના કાયદા વિરુદ્ધ છે? ભારતની સરહદે પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન આવેલા છે. ભારતની ૧૦૬ કિમી જમીન સરહદ અફઘાનિસ્તાન સાથે મળે છે. તેથી તેને પણ સામેલ કરવું જરૂરી હતું.

**ભાજપનો સપાટો** ● અનુસંધાન પહેલાનું ચાલુ

મુખ્યમંત્રી યેદીયુરપ્પાને મોટી રાહત થઈ છે. ૨૨૪ સભ્યોની વિધાનસભામાં ભારતીય જનતા પાર્ટી પાસે હવે સ્પષ્ટ બહુમતિ થઈ ગઈ છે. યેદીયુરપ્પાએ આ જીત પર ખુશી વ્યક્ત કરતા કહ્યું છે કે, હવે કોઈપણ પ્રકારની સમસ્યા વગર સ્થાયી સરકાર ચલાવવામાં આવશે. ભાજપને ૧૫ સીટ પૈકી છ સીટો જીતવાની જરૂર હતી. કોંગ્રેસની બે સીટો ઉપર જીત થઈ છે. પાર્ટીના રિઝવાન અરશદની શિવાજીનગર તથા એચપી મંજુનાથની હુનસુર સીટ પર જીત થઈ છે જ્યારે હોસાકોટે સીટ પર ભાજપમાંથી બળવો કરીને મેદાનમાં ઉતરનાર અપક્ષ ઉમેદવાર શરદકુમારની જીત થઈ છે.

**અયોધ્યા કેસ** ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓસ્ટ્રેલિયા અને દુબઈમાં ભારતની જય જયકાર થઈ રહી છે. આવું મોદીના કારણે નહીં પરંતુ ૧૩૦ કરોડ દેશવાસીઓના કારણે થઈ રહ્યું છે. કોંગ્રેસે પોતાની વોટ બેંક સાચવવા માટે અયોધ્યા મુદ્દાને લટકાવીને રાખ્યો હતો. પરંતુ દિલ્હીમાં ભાજપ સરકાર બિરાજમાન થઈ ત્યારબાદ આ નિર્ણયને બદલવામાં આવ્યો.

તેમણે કહ્યું કે, જો કોઈ ત્રિશંકુ પરિણામ આવશે તો કર્ણાટકના જેમ વિનાશ કરનારા લોકો મેદાનમાં આવી જશે. આપણે નિશ્ચ કરીએ કે, આપણે ઝારખંડને બર્બાદ નહીં થવા દઈએ. આપણે કમળના ફૂલ પર બટન દબાવીને ફરી એકવાર ઝારખંડને મજબૂત બનાવી દેશું.